જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૧૦/૨૦૧૬ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૯૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી ૧૨૪ લીટર દેશી દારૂ, ૪૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૬ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૭૭,૭૪૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૯૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૦ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૮૯૮/૧૬**

**સરખેજઃ** મુકેશભાઇ લક્ષ્મણભાઇ ડામોર (વાલ્મીકી) (ઉ.વ.૨૨) (રહે. લેબર કોલોનીના છાપરા,એપલવુડ ટાઉનશીપ અંદર શાંતીપુરા સર્કલ નજીક સરખેજ) એ તા.૧૬/૧૦/૧૬ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૦/૧૬ રાતના ૮/૩૦ વાગ્યા પછી કોઇ પણ સમયે આરોપી (૧) નરેશભાઇ કનુભાઇ ડામોર (૨) વાસુભાઇ કાળુભાઇ ડામોર અને (૩) જગદિશભાઇ ઉર્ફે નાનાભાઇ કનુભાઇ ડામોર (ત્રણેય રહે. લેબર કોલોનીના છાપરા,એપલવુડ ટાઉનશીપ અંદર શાંતીપુરા શર્કલ નજીક સરખેજ) એ પૈસાની લેતી દેતી બાબતે મુકેશભાઇના પિતા લક્ષ્મણભાઇ સાથે બોલાચાલી ઝગડો કરી લક્ષ્મણભાઈને માથામા લાકડી વડે માર મારી જીવલેણ ઇજા કરી નાસી ગયા હતા. ઈજાગ્રસ્ત લક્ષ્મણભાઈને સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૧૦/૧૬ સવારના ૬/૩૦ વાગે તેમનું મૃત્યુ નીપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વિ.એન.સોલંકી ચલાવે છે.

ઉપરોક્ત ગુનાના કામે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**ખુનની કોશિશની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૮૯૯/૧૬**

**રામોલઃ** જયપાલસિંહ બહાદુરસિંહ ઝાલા (ઉ.વ.૪૬) (રહે.રાજધાની ટેનામેન્ટ નિરાંત ચોકડી પાસે વસ્ત્રાલ) એ એ.જી.હોસ્પીટલ ખાતે રામોલ પોલીસ સમક્ષ ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૦/૧૬ રાતના ૦૦/૦૦ વાગ્યાના સુમારે રબારી કોલોની ચાર રસ્તા નજીકથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે સ્વિફ્ટ ગાડી નંબર જીજે ૧ બીઝેડ ૮૭૯૭ ના ચાલક ગાડી પુરઝડપે ચલાવી જયપાલસિહના મોટર સાયકલ નજીક લાવતા, જયપાલસિહે ગાડીના ચાલકને ગાડી જોઈને ચાલવા કહેતા ગાડીમાં બેઠેલ બીજો પુરૂષ અને ગાડીના ચાલક ઉશ્કેરાઈ જઈ ગાડી માંથી ઉતરી બોલાચાલી ઝગડો કરી ગાડીમાંથી છરી કાઢી જયપાલસિહને હાથના ભાગે તેમજ પડખાના ભાગે છરીથી જીવલેણ ઇજા કરી, સ્થળ ઉપર ગાડી મુકી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.આઇ.સોલંકી ચલવી છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>અપહરણ :-</u> <u>સમાચાર યાદી નં.૧૯૦૦/૧૬</u>

**ગોમતીપુરઃ** દાડમબહેન તે મનુભાઇ ખોડાભાઇ પટણીની વિધવા પત્ની (રહે. ચુનીલાલ જેઠાલાલની ચાલી બોમ્બે હાઉસિગ સામે ગોમતીપુર) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૦/૧૬ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી પોતાની પુત્રી શિલ્પાબહેન (ઉ.વ.૧૬) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ આર જનકાંત ચલાવે છે.

સરખેજઃ રણજીતભાઇ રેવાભાઇ રાઠોડ (રહે. ગોધાવી વાસ, સરખેજ ગામ, સરખેજ) એ તા.૧૬/૧૦/૧૬ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૦/૧૬ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી પોતાના પુત્ર દીપક (ઉ.વ.૧૩) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વિ.એન.સોલંકી ચલાવે છે.

**સરદારનગરઃ** કિંજલબહેન ખોળાભાઇ પરમાર (ઉ.વ.૧૬) (રહે. ખોડીયારનગર વિભાગ-૨ જે આર પાર્લરની સામે નોબલનગર સરદારનગર) ને તા.૧૬/૧૦/૧૬ કલાક ૪/૦૦ વાગે ઘર નજીકથી આરોપી પ્રવીણ વિનોદભાઇ પરમાર (રહે.ખોડીયારનગર વિભાગ-૨ હનુમાનજી મંદીરની ગલી પાસે નોબલનગર સરદારનગર) લલચાવી ફોસલાવી ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ કિંજલબહેનની માતા કમળાબહેન પરમારે સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી આર પટેલ ચલાવે છે.

**નરોડાઃ** રશ્મીબહેન તે પુનાજી હિરાજી ઠાકોરની પુત્રી (રહે.પાયલનગર સોસાયટી નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૦/૧૬ બપોરના ૩/૩૦ વાગ્યાથી સાંજના ૬/૩૦ વાગ્યા દરમ્યાન ગાયત્રી સ્કુલની સામે આવેલ અશ્વમેઘ સોસાયટીથી પાયલનગર સોસાયટી સુધીના રસ્તા વચ્ચેથી રશ્મીબહેનની બેન સાહિસ્તાબાનુ (ઉ.વ.૧૭) ને આરોપી પુનમભાઇ મણીભાઇ પરમાર (રહે.કણભા સીમમા તાલુકો બોરસદ જીલ્લો આણંદ) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.બી.રાણા ચલાવે છે.

**નિકોલઃ** વિજયભાઇ મનસુખભાઇ વાઘેલા (રહે. સતાધાર સોસાયટી કિર્તી ડેરી પાસે ખોડીયારનગર નિકોલ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૦/૧૬ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી પ્રિતીબહેન (ઉ.વ.૧૫) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.બી.ગામીત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સોનાની ચેઈન/મંગળસુત્ર ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૦૧/૧૬**

**વાડજઃ** શ્રીનિવાસ મુર્તી સુબ્બારાવ અનુમાલ શેટ્ટી (રહે. શુકુન રેસીડેન્સી સહજાનંદ કોમ્પ્લેક્ષ ન્યુ સી.જી રોડ ચાંદખેડા) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૦/૧૬ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પત્ની સાથે કારમાં બેસી નવાવાડજ નેશનલ હેન્ડલુમની સામેની સાઈડ સુર્યનારાયણ સોસાયટી નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સ્પ્લેન્ડર મોટર સાયકલ નંબર જીજે ૧ ઈડી ૩૯૭૪ ઉપર આવેલ એક પુરૂષ શ્રીનિવાસમુર્તિના પત્નીના ગળામાંથી બે સોનાની ચેઈન અને મંગળસુત્ર કિમત રૂપિયા ૧,૭૦,૦૦૦/- ખેચી તોડી લઈ ભાગવા જતા મોટર સાયકલ સ્લીપ ખાઈ જતા મોટર સાયકલ સ્થળ ઉપર મુકીને દોડીને ભાગી ગયો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.જી.રાઠોડ ચલાવે છે.

**ઘાટલોડીયાઃ** ઇલાબહેન અરૂણભાઇ ત્રિવેદી (ઉ.વ.૬૪) (રહે.મહાવીર સ્મૃતિ સોસાયટી સીપીનગર ચાર રસ્તા પાસે ઘાટલોડીયા) તા.૧૬/૧૦/૧૬ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગની જાડા ટાયરવાળી મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ઈલાબહેનના ગળામાંથી સોનાની ચેઇન પેન્ડલ સાથે કિમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ઇલાબહેન ત્રિવેદીએ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એન.બારીયા ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૧૯૦૨/૧૬**

**વસ્ત્રાપુરઃ** ચિરાગભાઇ પ્રવિણભાઇ સુરેલિયા(રહે.વત્સરાજ ટાવર જોધપુરગામ સેટેલાઇટ)એ તા.૭/૧૦/૧૬ રાતના ૧૦/૧૫ વાગે બોડકદેવ મન પાર્ટી પ્લોટ સામે પોતાની કાર નંબર જીજે ૧ કેએ ૪૭૬૮ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી રાતના ૧૧/૪૫ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ચિરાગભાઈ સુરેલીયાએ તા.૧૬/૧૦/૧૬ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એસ.બોદર ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ** કપીલ ઓમપાલસીહ ચૌહાણ (રહે. સાક્ષાત એપાર્ટમેન્ટ બકેરી સીટીની અંદર વેજલપુર) એ તા.૮/૧૦/૧૬ રાતના ૧૦/૧૫ વાગે પામબીચ બંગ્લોજની પાછળ પોતાની સેન્ટ્રો કાર નંબર જીજે ૧ એચજી ૧૮૪૬ કિમત રૂપિયા ૭૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી રાતના કલાક ૦૦/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ કપીલ ચૌહાણે તા.૧૬/૧૦/૧૬ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.સૈયદ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)